PGVCL
# PASCHIM GUJARAT VIJ COMPANY LTD
Reg. & Corporate Office, "Paschim Gujarat Vij Seva Sadan"
Off, Nana Mava Road, Laxminagar, Rajkot - 360 004
CIN: U40102GJ2003SGC042908
Phone: (0281)2380425, 2380427; Fax : 2380428;
Email: info.pgvcl@gebmail.com; Web site: www.pgvcl.com

PGVCL/Tech.1/1/1103 11103 Date: 22 OCT 2019

To
The Superintending Engineer (O&M)
PGVCL, Circle Office
Rajkot City/ Rajkot Rural/ Morbi / Porbandar
Jamnagar / Junagadh/ Bhuj/ Anjar
Bhavnagar / Botad/ Amreli / Surendranagar

**Sub:- Amendment in Circular of giving connection outside Gamtal**

Ref:- 1. GUV-2016-3885-K1 Dtd.24.1.2017
2. GUVNL/Tech.2/RNR/2719 Dtd.30.1.2017 in vernacular
3. GUVNL/Tech.2/RNR/2721 Dtd.31.1.2017 in vernacular
4. GUV-2016-3885-K1 Dtd.06.3.2017
5. GUV-2016-3885-K1 Dtd.5.7.2018
6. GUVNL/Tech.2/1644 Dtd.13.7.2018 in vernacular
7. GUV-2016-3885-k1 Dtd.26.7.2018 in vernacular
8. GUVNL/Tech.2/1868 Dtd.08.8.2018 in vernacular
9. PGVCL/Tech.1/7000 Dtd.29.8.2018
10. GUVNL/T.2/DE.2/2820 Dtd.20.12.2018
11. GUV-2016-3885-K1 Dtd. 04.9.2019
12. GUVNL/T.2/DE.2/1851 Dtd.25.9.2019

With reference to the above, circular with detailed guideline for giving connections outside Gamtal for various purpose is in place and under implementation. However, vide letter under reference-11, E&P Department, GoG has issued further amendment in above policy for giving connection to Petapara which is not certified as Petapara by Taluka Development Officer. In such cases, Addl. Chief Engineer of Zonal Office or Corporate office has to visit the site and accordingly proposal is to be prepared on case to case basis and will be approved by the competent authority (Hon'ble Managing Director).

Detailed guideline is mentioned in the circular, copy of which is attached herewith. You are requested to inform all field offices about the amendment in circular and act accordingly.

22/10

**Addl. Chief Engineer (Tech)**
PGVCL – Rajkot

Cfwcs to:
The CE, PGVCL, ZO, Bhavnagar

Copy to:
The ACE, PGVCL, CO, Junagadh

G U V N L

# ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.

સરદાર પટેલ વિદ્યુત ભવન રેસકોર્સ વડોદરા.

ફોન ૨૩૩૮૨૮૧ -૮૬ ફેક્સ ૨૩૩૭૯૧૮ ૨૩૩૮૧૬૪ / ૨૩૪૦૨૦૫

(An ISO 9001:2008 Company) CIN U40109GJ2004SGC045195

| | | |
|---|---|---|
| No. GUVNL/Tech-2/DE-2/ 1851 | Email:setech.guvnl@gebmail.com | Tele (Di) : (0265) 2340205 |
| Date: 25.09.19 | Web site: www.guvnl.com | PBX : (0265) 2310582 to 86 |
| | | FAX : (0265) 2337918, 2338164 |


3853
18/10/19

પ્રતિ, By Fax

મેનેજીંગ ડીરેક્ટરશ્રી

દક્ષિણ / મધ્ય / પશ્ચિમ / ઉત્તર ગુજરાત વીજ કંપની લી

કોર્પોરેટ આફિસ - સુરત-વડોદરા-રાજકોટ-મહેસાણા.

Inword No.: 7961
Date: 16/10/19
MD Cell, PGVCL, Rajkot.

વિષય - ગામતળ બહાર વિવિધ હેતુ માટે વીજ જોડાણો આપવાની સર્વગ્રાહી નીતિ અમલમાં મૂકવા બાબત.

સંદર્ભ - ૧) ઊ અને પે વિભાગ ગાંધીનગરનો તા. ૪.૯.૧૯ નો પત્ર ક્રમાંક - જીયુવી-૨૦૧૬-૩૮૮૫-ક૧.

૨) ઊ અને પે વિભાગ ગાંધીનગરનો તા. ૪.૯.૧૯ નો ઠરાવ ક્ર. જીયુવી-૨૦૧૬-૩૮૮૫-ક૧.

માનનીયશ્રી,

ઉપરોકત વિષયે ઊ અને પે વિભાગના તા. ૪.૯.૧૯ ના ઠરાવ (નકલ સામેલ) પ્રમાણે, સબંધિત તાલુકા વિકાસ અધિકારી દ્વારા "પ્રમાણિત ના હોય" એવા પેટાપરા / જૂથોના કિસ્સામાં સંલગ્ન ઝોનલ/ કોર્પોરેટ કચેરીના અધિક મુખ્ય ઇજનેર થકી સ્થળ મુલાકાત કરી, પ્રમાણિત કરાવી જેજીવાય ફીડર પરથી વીજપૂરવઠો પૂરો પાડવા નીચેની શરતોને આધિન મંજૂરી આપવામાં આવેલ છે.

એ અન્વયે તા. ૨૪.૧.૧૭ ના ઠરાવના મુદ્દા- ૨ની શરતો પૈકી શરત-૩ ને બદલે હવે નીચે મુજબનો સુધારો કરવામાં આવેલ છે.

૩. (અ) જો સદર પેટાપરા/ જૂથ સબંધિત તાલુકા વિકાસ અધિકારી દ્વારા પ્રમાણિત ન હોય તો તેવા કિસ્સામાં સંલગ્ન ઝોનલ/ કોર્પોરેટ કચેરીના અધિક મુખ્ય ઇજનેર દ્વારા રૂબરૂ સ્થળ તપાસ કરી નિયત નમૂના મુજબ પ્રમાણિત કરવાનું રહેશે અને તમામ પાસા/ ગુણ-દોષ/ ખર્ચ વગેરેને ધ્યાને રાખી યોગ્યતાને આધારે સબંધિત વીજ વિતરણ કંપનીના સક્ષમ અધિકારીશ્રી (મેનેજીંગ ડીરેક્ટરશ્રી) મંજૂરી આપવા સક્ષમ રહેશે.

આવા કિસ્સાઓમાં અગાઉ અપાયેલ જ્યોતીગ્રામ યોજનાના નિયમો મુજબ વીજળીકરણનો લાભ અપાશે. તેમજ સદર પેટાપરા/ જૂથને જ્યોતીગ્રામ ફીડર સાથે જોડવાનો ખર્ચ ઝૂંપડા વીજળીકરણ યોજના / કુટીર જયોતિ યોજના / આદિજાતિ વિસ્તાર પેટા યોજના અથવા રાજ્ય સરકારની લાગુ પડતી અન્ય યોજના હેઠળ કરવાનો રહેશે. સદર માંગણીવાળી જગ્યા સરકારી ખરાબો/પડતર જમીન હોઈ, અરજદારને ઘરવપરાશ હેતુનું વીજજોડાણ મળવાથી માલિકી હક સ્થાપિત કરી શકાશે નહી.

(બ) જો સદર પેટાપરા/ જૂથ સબંધિત તાલુકા વિકાસ અધિકારી/ સંલગ્ન ઝોનલ/ કોર્પોરેટ કચેરીના અધિક મુખ્ય ઇજનેર દ્વારા પ્રમાણિત હોય પરંતુ ઝૂંપડા વીજળીકરણ યોજના / કુટીર જયોતિ યોજના / આદિજાતિ વિસ્તાર પેટા યોજના અથવા રાજ્ય સરકારની લાગુ પડતી અન્ય યોજના હેઠળ વાર્ષિક ફંડની ઉપલબ્ધી ન હોય તો તેવા કિસ્સામાં કનેકશન આપવા માટે ઊભી કરવામાં આવતી માળખાકીય સુવિધાને લગતો તમામ ખર્ચ, જુથના તમામ અરજદાર-સભ્યો ભરપાઇ કરવા સંમતી આપે તો તેમની પાસેથી માંગેલા વીજભારના પ્રમાણ મુજબ વસુલીને જરુરીયાત મુજબ સિંગલ ફેઝ/થ્રી ફેઝ વિજ જોડાણ, જે તે સમયના ધારાધોરણ અને લાગુ પડતા ટેરીફ મુજબ આપવામાં આવશે.

CE(T) 15/10

ACE(T)

Technical Section
SE(Tech) EE(T-1) EE(T-2) EE(T-3) EE(Vig) EE (GR Cell) EE (Safety)
ACE(Tech) SE(Tech)

આ સિવાયના સદર વિષય અંગેના નીચે જણાવેલ અગાઉના ઠરાવો/ પરિપત્રોના અન્ય શરતો અને ધારા ધોરણો યથાવત રહેશે.

૧) ઊ અને પે વિભાગ ગાંધીનગરનો ઠરાવ ક્ર.જીયુવી-૨૦૧૬-૩૮૮૫-ક૧, તા. ૨૪.૧.૧૭

૨) ઊ અને પે વિભાગ ગાંધીનગરનો ઠરાવ ક્ર.જીયુવી-૨૦૧૬-૩૮૮૫-ક૧, તા. ૦૬.૦૩.૧૭

૩) ઊ અને પે વિભાગ ગાંધીનગરનો ઠરાવ ક્ર.જીયુવી-૨૦૧૬-૩૮૮૫-ક૧, તા. ૨૩.૦૮.૧૭

૪) ઊ અને પે વિભાગ ગાંધીનગરનો ઠરાવ ક્ર.જીયુવી-૨૦૧૬-૩૮૮૫-ક૧, તા. ૦૫.૦૭.૧૮

૫) ઊ અને પે વિભાગ ગાંધીનગરનો ઠરાવ ક્ર.જીયુવી-૨૦૧૬-૩૮૮૫-ક૧, તા. ૨૬.૦૭.૧૮

આ અંગે સંલગ્ન ઝોનલ/ કોર્પોરેટ કચેરીના અધિક મુખ્ય ઇજનેરશ્રી દ્વારા આપવામાં આવનાર નિયત પ્રમાણ પત્ર અને અરજદાર પાસેથી લેવામાં આવનાર બાંહેધરી પત્ર માટે ઊ અને પે વિભાગ ગાંધીનગરના તા. ૪.૯.૧૯ ના પત્ર ક્રમાંક -જીયુવી-૨૦૧૬-૩૮૮૫-ક૧ માં નીચે જણાવેલા કેટલાક સૂચનો ધ્યાને લેવા માટે છે.

બાંહેધરી ફોર્મ માટે

1. ખેતી વિષયક સિવાયની જમીન છે.
2. તેમાં ખેતીવિષયક વીજ જોડાણ હયાત નથી.
3. ટ્રાયબલ માટે ૧૦ વ્યકતિઓ અને નોન ટ્રાયબલ માટે ૧૫ વ્યકિતઓ જુથમાં વસવાટ કરે છે.
4. સદર પેટાપરા તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત નથી.
5. સદર જગ્યાએ સબંધિત રેવન્યુ ઓથોરીટી તરફથી એન્ક્રોચમેન્ટની નોટીસ મળેલ છે કે કેમ ? તેની તપાસ હાથ ધરવી.
6. રૂા.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર ભવિષ્યમાં સરપંચશ્રી તરફથી અથવા કોઇ પણ જમીન ધારક પાસેથી objection મળે તો વીજ કનેકશન ઉઠાવી લેવામાં આવે તો તેમાં વાંધો લેશે નહી.

પ્રમાણિત કરવાના મુદાઓ

1. ઘર છુટાછવાયા કે જુથમાં છે ?૧૦ કે ૧૫ ?
2. ગામતળની બહાર છે કે નહી ?
3. સદર ઘરોની જમીન સરકારી ખરાબો/પડતર જમીનછે કે કોઇની માલીકીની છે ?
4. સદર ઘરોની આજુબાજુ કોઇ ખેતી વિષયક વીજ જોડાણ હયાત છે કે નહિ ?
5. સરકારશ્રી દ્વારા કયારેય આવા એન્ક્રોચમેન્ટ વાળા ઘરોમાં કનેકશન કેમ આપ્યા તેવો વાંધો લેવામાં આવે અથવા ગ્રાહકના નામે કનેકશન આપવાથીતેની જમીનની માલીકી થતી નથી તે સબંધે કોઇ લખાણ સ્ટેમ્પ પેપર ઉપર લેવું કે નહિ ?

સદર જાણ અને અમલીકરણના આદેશ અર્થે.

આભાર.

બીડાણ - ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

F કા.વા. મુખ્ય ઇજનેર(ટેક)

નકલ સાદર રવાના-

- મેનેજીંગ ડીરેકટરશ્રી જીયુવીએનએલ વડોદરા.
- ડાયરેકટરશ્રી (ટેક/ફાઇનાન્સ) જીયુવીએનએલ વડોદરા

નકલ રવાના-

- લાયઝન ઓફીસરશ્રી
  મા. ઊર્જામંત્રીશ્રીનું કાર્યાલય વર્ણીમ સંકુલ-૧ ગાંધીનગર
- ઉપસચિવશ્રી
  ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૫

Fax. 1243 3346 / 13-9-19

ગામતળ બહાર વિવિધ હેતુ માટે વીજ જોડાણો
આપવાની સર્વગ્રાહી નીતિ અમલમાં મૂકવા બાબત

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૮૮૫-ક૧,
નવા સચિવાલય, ગાંધીનગર
તારીખ:૦૪/૦૯/૨૦૧૯

Inword No.: 7016
Date: 13.9.19
MD Cell, PGVCL, Rajkot.

વંચાણે લીધા:

(૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં ઠરાવ ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૮૮૫-ક૧, તા.૨૪/૦૧/૨૦૧૭
(૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં પત્ર ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૮૮૫-ક૧, તા. ૦૬/૦૩/૨૦૧૭
(૩) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં પત્ર ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૮૮૫-ક૧, તા. ૦૫/૦૭/૨૦૧૮
(૪) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં પત્ર ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૮૮૫-ક૧, તા. ૨૬/૦૭/૨૦૧૮

ઠરાવ:

વિભાગનાં તા. ૨૪/૦૧/૨૦૧૭ નાં વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના ઠરાવથી ગામતળ બહાર વિવિધ હેતુઓ માટે વીજ જોડાણો આપવાની સર્વગ્રાહી નીતિ અમલમાં મૂકવામાં આવેલ. ત્યાર બાદ તેમાં વંચાણે લીધેલ ક્રમાંક (૨).(૩) અને (૪) સામેનાં પત્રો/ઠરાવોથી, જરૂરી સુધારા/સુચનાઓ બહાર પાડવામાં આવેલ. હાલમાં વંચાણે લીધા ક્રમાંક (૧) સામેનાં ઠરાવના મુદ્દા નં (૨) ની શરત નંબર (૩) માં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઉક્ત વિગતોએ, પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધેલ ક્રમાંક (૧) નાં ઠરાવનાં મુદ્દા નં-૨ ની શરત નં (૩) માં ફેરફાર કરી નીચે મુજબ સુધારો કરવામાં આવે છે:

"શરત નં.૩.(અ): જો સદર પેટાપરા/ જૂથ સબંધિત તાલુકા વિકાસ અધિકારી દ્વારા પ્રમાણિત ન હોય તો તેવા કિસ્સામાં સંલગ્ન ઝોનલ/ કોર્પોરેટ કચેરીના અધિક મુખ્ય ઇજનેર દ્વારા રૂબરૂ સ્થળ તપાસ કરી નિયત નમૂના મુજબ પ્રમાણિત કરવાનું રહેશે અને તમામ પાસાં/ ગુણ-દોષ/ ખર્ચ વગેરેને ધ્યાને રાખી યોગ્યતાને આધારે સબંધિત વીજ વિતરણ કંપનીના સક્ષમ અધિકારીશ્રી (મેનેજીંગ ડાયરેક્ટરશ્રી) મંજૂરી આપવા સક્ષમ રહેશે.

આવા કિસ્સાઓમાં અગાઉ અપાયેલ જ્યોતીગ્રામ યોજનાના નિયમો મુજબ વીજળીકરણનો લાભ અપાશે. તેમજ સદર પેટાપરા/ જૂથને જ્યોતીગ્રામ ફીડર સાથે જોડવાનો ખર્ચ ઝુંપડા વીજળીકરણ યોજના/ કુટિર જ્યોતિ યોજના/ આદિજાતિ વિસ્તાર પેટા યોજના અથવા રાજ્ય સરકારની લાગુ પડતી અન્ય યોજના હેઠળ કરવાનો રહેશે. સદર માંગણીવાળી જગ્યા સરકારી ખરાબો/પડતર જમીન હોઇ, અરજદારને ઘરવપરાશ હેતુનું વીજજોડાણ મળ્યેથી માલિકીહક સ્થાપિત કરી શકાશે નહી.

CE(T) / CE(P&Mj)
12/9/19
EE(T-1) 13/9

(બ): જો સદર પેટાપરા/ જૂથ સબંધિત તાલુકા વિકાસ અધિકારી/ સંલગ્ન ઝોનલ/ કોર્પોરેટ કચેરીના અધિક મુખ્ય ઇજનેર દ્વારા પ્રમાણિત હોય પરંતુ ઝુંપડા વીજળીકરણ યોજના/ કુટિર જ્યોતિ યોજના/ આદિજાતિ વિસ્તાર પેટા યોજના અથવા રાજ્ય સરકારની લાગુ પડતી અન્ય યોજના હેઠળ વાર્ષિક ફંડની ઉપલબ્ધી ન હોય તો તેવા કિસ્સામાં કનેકશન આપવા માટે ઊભી કરવામાં આવતી માળખાકીય સુવિધાને લગતો તમામ ખર્ચ, જુથના તમામ અરજદાર-સભ્યો ભરપાઇ કરવા સંમતિ આપે તો તેમની પાસેથી માંગેલા વીજભારના પ્રમાણ મુજબ વસુલીને જરૂરીયાત મુજબ સિંગલ ફેઝ/થ્રી ફેઝ વિજ જોડાણ, જે તે સમયના ધારાધોરણ અને લાગુ પડતા ટેરીફ મુજબ આપવામાં આવશે."

વંચાણે લીધા ઠરાવો/પત્રોની અન્ય શરતો/ધારાધોરણો યથાવત રહેશે.

ગુજરાત રાજયનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(રોનક મોદી)
ઉપસચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગતસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગ પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. ઉર્જામંત્રીશ્રીનાં અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. ઉર્જામંત્રીશ્રી (રાજ્યકક્ષા) નાં અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. સંસદીય સચિવશ્રીઓનાં અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્યસચિવશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સુરત
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- વિભાગની સર્વે શાખાઓ
- સીલેક્ટ ફાઇલ/ ના. સે. અધિ. અંગત ફાઇલ

1243/2